CLASS - X

# Sample Question Paper Summative Assessment - 2

## Gujarati

Time - 3 Hrs M. Mark. 80

The question paper is divided to four Sections.

Section. A — — 9 Marks - Reading Comprehension
Section. B — — 16 Marks - writing
Section. C — — 15 Marks - Grammar
Section. D — — 40 Marks. - Literature (Text Book)

All questions are compulsory
Marks are indicated against each question

## Section. A Reading Comprehension (9 Marks)

પ્રશ્ન. ૧ (અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. ૦

પંઢરપુરમાં ચંદ્રભાગા નદીને કિનારે પુંડલીકનું પ્રસિદ્ધ મંદિર છે. પુંડલીકની ભક્તિથી પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણ પોતે એકવાર તેને વરદાન આપવા માટે આવ્યા. તે વખતે તે માતાપિતાની સેવામાં લીન હતો. માતાપિતાની સેવા છોડી તેને પરમાત્માનું સ્વાગત કરવા ઉઠવું ઉચિત ન લાગ્યું. એણે પાસે પડેલી એક ઈંટ પ્રભુની તરફ ફેંકી અને કહ્યું "લો આસન, જરા ઊભા રહો. મારી સેવા પૂરી થવા દો." સેવામાંથી પરવાર્યા પછી તેણે પ્રભુને કહ્યું "પ્રભુ હું તો સેવાથીજ સંતોષ માનું છું. છતાં વરદાન આપો તો એટલું માગું છું કે અહીં આપ ઊભા છો એવા જ અઠ્ઠાવીસ યુગો સુધી ભક્તોને દર્શન આપવા ઊભા રહો" તે દિવસથી વિષ્ણુનું નામ 'વિઠ્ઠલ' કે - વીટ ઉપર ઊભા રહેનાર એવું પડ્યું.

પ્રશ્નો:—

(૧) ચંદ્રભાગા નદીને કિનારે કયું પ્રસિદ્ધ મંદિર છે?

(અ) શ્રીકૃષ્ણભગવાનનું

(બ) પુંડલીકનું

(ક) માતાજીનું

(૨) પ્રભુ વરદાન આપવા આવ્યા ત્યારે પુંડલીક શું કરતો હતો?

(અ) તે ધ્યાનમાં બેઠો હતો

(બ) તે માતાપિતાની સેવામાં લીન હતો.

(ક) તે જંગલમાં ફળ-ફૂલ લેવા ગયો હતો.

(૩) વરદાન આપવા આવનાર પ્રભુનું સ્વાગત પુંડલીકે કેવી રીતે કર્યું

(અ) પુંડલીકે પુષ્પોથી પ્રભુનું સ્વાગત કર્યું

(બ) પુંડલીકે કહ્યું "લો આસન, જરા ઊભા રહો, સેવા પૂરી થવા દો"

(ક) તેણે પ્રભુને આસન પર બેસાડી તેમની પૂજા કરી.

(૪) પુંડલીકે શું વરદાન માગ્યું?

(અ) તમારી ભક્તિ માગું છું

(બ) "અહીં ઊભા છો એવા જ અઠ્ઠાવીસ યુગો ભક્તજનોને દર્શન આપવા ઊભા રહો"

(ક) હે પ્રભુ! મને મોક્ષ આપો

(૫) 'વિઠ્ઠલ' કોનું નામ છે?

(અ) વિષ્ણુનું નામ વિઠ્ઠલ છે

(બ) શ્રીરામચંદ્રજીનું નામ વિઠ્ઠલ છે

(ક) શંકરભગવાનનું નામ વિઠ્ઠલ છે.

(બ) નીચેનો ગદ્યખંડ વાંચી 1/3 તેના ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરો. [04]

કુંભમેળામાં અફાટ માનવમેદની જમા થઈ ગઈ હતી અને પ્રતિક્ષણ વ્યાકુળતા વધી રહી હતી. પાછળ વધી રહેલો અખાડો આગળ વધી શકતો ન હતો કારણ કે માનવમેદનીનો પ્રસંગ ભરાયો હતો. બીજી તરફ સ્નાન કરવા આગળ વધવા ઈચ્છતો અખાડો પણ અટકીને ઊભો હતો. તેની પાછળ પણ માનવમેદની સમુદ્રના મોજાની માફક ઉછાળા લઈ રહી હતી. ઘોડેસ્વાર પોલીસના માણસો પણ લાચાર બનીને ફસાઈ ગયા હતા. બાળકોની સ્ત્રીઓની દશા તો બહુ જ ખરાબ હતી. કુંભમેળામાં માણસો ભીડને કારણે વલોવાઈ રહ્યા હતા.

## Section. B Writing (16 Marks)

પ્રશ્ન-2 (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે 140 શબ્દોમાં નિબંધ લખો. [07]

(1) આદર્શ વિદ્યાર્થી

(2) પુસ્તકો આપણા મિત્રો છે.

(3) મને ગમતો તહેવાર

(4) માતૃપ્રેમ

(બ) કોમનવેલ્થ રમતોત્સવ જોવા આવવા માટે તમારા મિત્રને આમંત્રણ આપતો પત્ર લખો. [04]

અથવા

તમારા રહેઠાણ વિસ્તારમાં વધી રહેલી ગંદકી દૂર કરવા અંગે મ્યુનીસીપાલીટીના આરોગ્ય અધિકારીને પત્ર લખો.

પ્રશ્ન-3 નીચે આપેલા મુદ્દાઓ પરથી આશરે 100 શબ્દોમાં વાર્તા લખો. [05]

એક શિલ્પી — મૃત્યુની આગાહી — પોતાના જ શરીર જેવાં છ પૂતળાં બનાવ્યાં — યમદૂતનું આગમન — મૂંઝવણ — વિચાર કરીને 'હા, ભૂલ થઈ' એમ બોલવું — શિલ્પીનો પ્રશ્ન — 'ક્યાં છે ભૂલ?' શિલ્પી પકડાયો — બોધ

## Section. C Grammar (15 Marks)

પ્રશ્ન-૭

(અ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો **03**

(૧) જીવની જેમ જાળવવું

(૨) ઓછું આવવું

(૩) ભવાં ચડી જવાં

(બ) નીચેના વાક્યો સુધારીને લખો **03**

(૧) શુદ્ધ ગાયનું દૂધ આપો.

(૨) પાણીમાંથી લાકડી ઉપાડી લો.

(૩) આકાશમાંથી તારા ઝબૂકવા લાગ્યા.

(ક) કૌંસમાં આપેલ સૂચના મુજબ જવાબ લખો **09**

(૧) તમારી આ દશા કોણે કરી (ઉદ્ગાર વાક્ય બનાવો)

(૨) મને તારી જરાય ચિંતા નથી (હકારાત્મક વાક્ય બનાવો)

(૩) આ સાંભળ્યા પછી કોઈ સૂઈ શકે નહીં (પ્રશ્નવાક્ય બનાવો)

(૪) ખરે બપોરે રસ્તાઓ ભાગ્યે પહોળા થાય છે. (નકારાત્મક વાક્ય બનાવો)

(૫) આ જમાનામાં સાચા સંતો કેવા દુર્લભ છે. (વિધાનવાક્ય બનાવો)

(૬) સુગંધી પુષ્પોની સેજ સજાવાઈ છે. (સમાનાર્થી વાક્ય બનાવો)

(૭) કાજલી ખરેખર લોહીલુહાણ થઈ ગઈ છે. (ઉદ્ગાર વાક્ય બનાવો)

(૮) મને એમ ભણવામાં અગવડ જેવું કંઈ નહિ (હકારાત્મક વાક્ય બનાવો)

(૯) આ બેલી માટે મોર બધું જ કરી છૂટવું છે. (નકારાત્મક વાક્ય બનાવો)

## Section. D Literature Text book

(40 Marks)

પ્રશ્ન-૫ કારણો આપો. (કોઈ પણ બે) 04

(અ)

(૧) નાનાભાઈએ ગૌરીશંકર ઓઝાને ગુરુ કર્યા...

(૨) ગાંધીજીએ સાચી ભાવનાની જેમ ગણી-----

(૩) દકાને રમણપર રોષ ચડતો હતો---

(૪) પુરવાળાનો પત્થર ધન્ય થયો---

(બ) માત્ર એક જ વાક્યમાં જવાબ લખો. (ગમે તે ચાર) 04

(૧) ગાંધીજીને ભેટસોગાદો કોણે આપી?

(૨) રમણને શેનો શોખ હતો?

(૩) ખાદી અંગે નાનાભાઈના શા વિચારો હતા?

(૪) લેખકે પેટીમાં શું મૂક્યું?

(૫) દકાને રમણપર શા માટે રોષ ચડતો હતો?

(૬) તાંબાનો કુંજો ઝળહળતો કરવા લેખકે શું કર્યું?

પ્રશ્ન-૬ ટૂંકમાં જવાબ લખો (ગમે તે બે) 04

(અ)(૧) "હવે પેન્સિલનું લાકડું સારું નથી આવતું" એવું મહેતાજી કેમ કહે છે?

(૨) લેખકને મન 'ઘર' એટલે શું? પંચપરમેષ્ઠીની સેવામાં ઘરકામ પાડનારાઓ

(૩) દકાએ ત્રીજા માળની ઓરડી કેમ પસંદ કરી?

(બ) નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો 08

(૧) લેખકે રવિવારનો કઈ રીતે ઉપયોગ કર્યો?

(૨) "નાનાભાઈ" નું પાત્રાલેખન લખો.

(૩) ભેટના સ્વીકાર- અસ્વીકાર અંગે કસ્તૂરબાના વલણનાં કારણો કયાં હતાં?

પ્રશ્ન-૭ નીચે આપેલું "મુક્તક" વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

(અ)

"ઊગે કમળ પંકમાં નહિ કે દેવ ક્યારે એક,
નહિ કુળથી કિન્તુ, મૂલ મૂલવાય ગુણો વડે" 02

(૧) કમળ ક્યાં ઊગે છે.

(૨) વ્યક્તિ શેના વડે મહાન બને છે?

નીચે આપેલો 'દુહો' વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

"મન મેલાં તન ઉજળાં, બગલા કપટી અંગ,
તેથી તો કાગા ભલા (તેના) તન મન એક જ રંગ." 02

(૧) બગલાનું તન કેવું હોય છે?

(૨) બગલા કરતાં કાગડો કેમ સારો?

(બ) ટૂંકમાં જવાબ આપો (કોઈ પણ બે) 01

(૧) 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ આંસુ સારવાની કેમ ના પાડે છે?

(૨) "આવ્યો છું તો" કાવ્યમાં કવિ માનવજીવનની સફળતા શેમાં જુએ છે?

(૩) "આજ લગી ઉંબર એક જ લાંઘ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી" આ પંક્તિ કઈ ઘટનાનો નિર્દેશ કરે છે? 01

પ્રશ્ન-૮ માત્ર એક જ વાક્યમાં જવાબ લખો. (કોઈ પણ બે)

(અ) (૧) ભમરો ગુંજન કરવા કઈ વાત વહેતી કરે છે

(૨) "એ લોકો" શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે?

(૩) વૃંદાવન અને કુરુક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે

(બ) કોઈ પણ બે પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (આશરે ૮૦ શબ્દો) 0

(૧) કવિને અંતિમ ઉપાય તરીકે જંતુનાશક દવા છાંટવાની ઈચ્છા કેમ થાય છે?

(૨) કવિ મૃત પત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કરે છે? શા માટે?

(૩) "માધવ ક્યાંય નથી મધુવનમાં" કાવ્યમાં વ્યક્ત થતી વેદના